SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 29. ઉત્તર ગુજરાતની કહેવતો અને રૂઢિપ્રયોગ

પંચાલ વૈશાલીબેન ત્રિકમલાલ

બોલે તેના બોર વેચાય,
કુતરાની પૂંછડી વાંકી તે વાંકી,
ભેંસ આગળ ભાગવત,
પારકી આશા સદા નિરાશા,
માંગ્યા વિના માંએના પીરસે

શું મિત્રો ઉપરના વાક્યો તમે ક્યાંય ને ક્યાંય સાંભળ્યા હશે ! ખરું ને, ઘરમાં, વડીલો પાસે, શાળામાં શિક્ષકો પાસે ,મોટા મિત્રો,સગા સંબંધીઓ,ગ્રામજનોનામુખે આ સાંભળ્યું હશે.

શું તેઓ અર્થ વિના આવા શબ્દો બોલે છે! કોઈ કારણ વિના આ બોલે છે!

તો મિત્રો જવાબ છે ના.ઉપરના જે શબ્દોના સમૂહમાં નાના વાક્ય છે તે છે કહેવત.

**ઉત્તર ગુજરાતની એક ખાસ આગવી લઢણથીબોલાતી મારી કહેવતો અને રૂઢિપ્રયોગની રજૂઆત:**

*લોકસાહિત્યના ચાર વિભાગોમાં નો એક વિભાગ છેલોકોક્તિ. જેમાં દુહા,મહેણાટોણા
સોરઠા,રૂઢિપ્રયોગ અને કહેવતો નો સમાવેશ થાય છે. તો આજે આપણે રૂઢિપ્રયોગ અને કહેવતો ની માહિતી જાણીએ.

*કહેવતોસમાજનાડાહ્યામાણસ અને શાણામાણસોનાઅનુભવોમાંથી ઉતરી આવતું કથન છે. જેમાં કથા ઘટના પ્રસંગો બનાવોના આધારે વ્યક્તિ જીવનમાં જે અસર વર્તાય છે કે જે વસ્તુ વ્યક્તિ માણસ પર તીવ્ર પ્રભાવ પાડે છે તે કહેવત સ્વરૂપે આપણી સમક્ષ પ્રગટ થાય છે.કહેવતના ઉદભવ પાછળ કોઈ કથા, ઘટના કે બનાવ જવાબદાર છે .કહેવતો પાછળ આપણા પૂર્વજોનેજીવનમાં થયેલાઅનુભવોનોનિચોડછુપાયેલો છે, જે શિખામણ, જ્ઞાન,ડાહપણ નો ભંડાર છે.

**મે 'મોન આયા મોચો ઢાળો.**

ઘેર મહેમાન આવે એને અમારી મેહોનાની બોલી માં મે 'માન કહેવામાં આવે છે .મોચોએટલે કે ઢોલીયો કે ખાટલો ઢાળીને બેસાડવા.
મેં અને મેં'માન બેઉ સરખા .મે એટલે વરસાદ અને મહેમાન .બંને આવે એટલે હૈયામાં આનંદ આનંદ જ છવાઈ જાય.

**કહેવત એટલે,**

*પરંપરાથી લોકોમાં કહેવાતાબોધરૂપદ્રષ્ટાંત રૂપ વાક્યો કે વચનો.
*લોક જીવનના અનુભવમાંથી ઘડાયેલીસુત્રાત્મક થીલોકોક્તિ.
*કહેવત એટલે ડહાપણ વાળા મનુષ્યના વચન બાણ.
*કહેવતો નો અર્થ જુદા જુદાવિદ્વાનોએ અને અનુભવીઓએ જુદા જુદા જણાવ્યા છે પણ સામાન્ય અર્થ તો સરખો જ હોય છે.

પહેલા શબ્દોની યોગ્ય ગોઠવણી કરીને લખાણ સ્વરૂપે રજૂઆત થતી નહોતી માત્ર પ્રજા પોતાની હોશિયારી અનુભવથી પોતાના મુખેથી વિવિધ કહેવતોબોલતા હતા. આ જ કહેવતો એકના મુખેથી બીજે અને બીજાના મુખેથી ત્રીજે એમ આગળ ને આગળ કહેવતોનું સ્વરૂપ આગળ વધતું ગયું કહેવાય છે,

**'કહેવતો વારસામાં મળેલી ભેટ છે'**

જે આજની પેઢીને લાંબુ ભાષણ કર્યા સિવાય માત્રને માત્ર એક કહેવત દ્વારા ઓછા શબ્દોમાં તેમને સમજાવી શકાય છે. લાંબા વાક્યો, પ્રસંગો જ્યારે આપણે વધુ સમય યાદ રાખતા નથી અને યાદ રહે તો પણ થોડાક દિવસો પછી તે ભુલાઈ જાય છે.

ત્યારે ને ત્યારે જે વાત આપણે રજૂ કરવાની છે કે સમજાવવાની છે તે કહેવત રૂપે સાંભળીને તેના મુખે ફરતી જોવા મળે છે. તે કહેવત લાંબા ગાળા સુધી યાદ પણ રહે છે અને તે અન્ય વ્યક્તિને પણ કહી શકે છે.

**પ્રજા પર કહેવતોની અસર વધુ જોવા મળે છે જેમ કે' બોલે તેના બોર વેચાય '**

માત્ર ચાર શબ્દોમાં જ કામ કરવાની પદ્ધતિ વિશે સમજ આપી છે કે બોર વેચવા હોય, કમાવું હોય તો બોર લ્યો..બોર લ્યો... બોલવું તો પડે જ! બોલ્યા વિના ધારી શકાય તેવો નફો થતો નથી એટલેકે બોર લેવા કોઈ આવતું નથી.

તે રીતે બીજો અર્થ પણ જોડાયેલો છે કે શિક્ષક પાસે જઈને ન આવડતાપ્રશ્નોની સમજ પૂછવા જઈએ અથવા ન આવડતા દાખલા વિશે કહીએ તો શિક્ષક જરૂર શીખવશે શિક્ષકને બધા વિદ્યાર્થીઓના વ્યક્તિગત પ્રશ્નનો ધ્યાનમાં ના પણ હોઈ શકે.

તેની સાથે જોડાયેલી કહેવત

**'માંગ્યા વિના તો મા એ ન પીરસે'**

આ થઈ કહેવતનો સમાન અર્થ ધરાવતી કહેવત. જો આ કહેવત નો વિરોધ અર્થ ધરાવતી કહેવત વિશે કહીએ તો ' ન બોલ્યામાં નવ ગુણ ' હવે તો કહેવત વાંચીને સમજી જ ગયા હશો કે ક્યારે બોલવાની જરૂરિયાત છે અને ક્યારે ન બોલવાનું. જ્યાં મૌન જરૂરી છે ત્યાં બોલવામાં કોઈ મજા નથી .ન બોલીએ તે પણ એક, બે ,ત્રણ નહીં પણ નવ ગુણ બરાબર છે.કોઈ ગામમાં કે અન્ય પરિવારમાં ઝઘડો થતો હોય ત્યાં આપણે તે વિશે કશું જાણતા નથી ત્યારે ન બોલ્યામાં નવ ગુણ કહેવતનો અમલ કરવો જોઈએ.

*જેમ વાર્તા, કવિતા ,નિબંધ, પ્રસંગ ,ભજન વગેરે કોઈને કોઈ લખનાર વ્યક્તિ હોય છે જેને આપણે લેખક કે કવિ તરીકે ઓળખીએ છીએ. પરંતુ આ કહેવતોના કોઈ લેખક હોતા નથી. કારણ કે તે કહેવત કોણે લખી અને કોણ બોલ્યું તેની જાણ હોતી નથી. સમાજ જીવનમાં રોજબરોજ બનતી ઘટના પ્રસંગોને સચોટ રીતે વ્યક્ત કરે છે .પ્રજાના અનુભવનોનીચોડકહેવતમાંસમાયેલો છે .

*કહેવતોનાઉપયોગથી ભાષાની સુંદરતા વધે છે.કહેવતોની ભાષા શૈલી સાદી ,સરળ અને સંક્ષિપ્ત હોય છે, માટે લોકોને તે જલ્દી યાદ રહી જાય છે અને બીજાને કહી શકે છે. કોઈ વાતની અસરકારક રજૂઆત માટે ખાસ કહેવતનો ઉપયોગ થાય છે.

**કહેવતનું સ્વરૂપ એટલે બંધારણ :**

આપણે બંધારણની મુખ્ય લાક્ષણિકતા વિશે જાણીએ.

1. ઓછામાં ઓછા શબ્દોમાં વધુ કહેવાની કળા કહેવતમાં હોય છે.
2. કવિતાની જેમ કેટલીક વાર પ્રાસબદ્ધ કે ચમત્કૃતિ પૂર્વકની રજૂઆત હોય છે.
3. લોકરૂચી ડહાપણ સૂઝ ,બુદ્ધિ કે વ્યવહારિકતાના એમાં દર્શન થતા હોય છે.

વારસાગત રીતે લોકસમુદાયમાં પ્રચલિત હોય છે.

**એક સમાન અર્થ ધરાવતી કહેવત***

1. ઉતાવળે આંબા ન પાકે

ધીરજના ફળ મીઠા

ઉતાવળે સૌ બાવરા ને ધીરા સોગંભીર

**અર્થ**: ધીરજથી કામ સારું થાય.

**:રૂઢિપ્રયોગ:**

*કોઈ શબ્દ કે શબ્દ સમૂહ તેના મૂળ અર્થ ને બદલે તેના વિશિષ્ટ લાક્ષણિક અર્થમાં વપરાતારૂઢ થઈ ગયો હોય છે તેને રૂઢિપ્રયોગ કહે છે.

*રૂઢિપ્રયોગ એવી અભિવ્યક્તિ શબ્દ અથવા શબ્દ સમૂહ છે જે તેમાં રહેલા શબ્દના શાબ્દિક અર્થ અથવા તેની શાબ્દિક વ્યાખ્યા કરતા અલગ અને સામાન્ય વપરાશના સંદર્ભમાં અલંકારિક અર્થ ધરાવે છે.

*કહેવત અને રૂઢિપ્રયોગ બંને સમજવામાંલોકો ઘણી ભૂલ કરતા હોય છે બંને વચ્ચે બહુ મોટો ભેદ છે જે જાણીએ.

*કહેવત નો ઉપયોગ ત્યારે કરાય છે જ્યારે એ વાક્યનો ભાવાર્થ અને શબ્દાર્થ એક જ હોય,અથાર્ત જે ખરા અર્થમાં કહેવું હોય એ જ વાક્ય પ્રયોગ દ્વારા કહેવાય છે.

*રૂઢિપ્રયોગ એ છે કે જે ભાષાને અલંકારિક બનાવે છે કે જેથી કહેનાર ચોટદાર શબ્દો દ્વારા પોતાનો ભાવાર્થ રજૂ કરી શકે આ વાક્યનો શબ્દાર્થ લેવાને બદલે એ જે સંદર્ભમાં પ્રયોજાયેલો હોય તે અર્થ લેવાનો હોય છે.

*કહેવતમાં શબ્દાર્થ અને ભાવાર્થ એક જ હોય છે.

*સામાન્ય રીતે રૂઢિપ્રયોગનો યોગ્ય રીતે ભાષાંતર થઈ શકતું નથી જો કોઈ રૂઢિપ્રયોગનું અન્ય ભાષામાં ભાષાંતર કરવામાં આવે ત્યારે અર્થ બદલાઈ જાય છે અથવા તે ગેરમાર્ગેદોરનાર બની

કહેવતો દ્વારા જે આપણને સમાજનું જ્ઞાન થાય છે તેના દ્વારા જીવનમાં આવતી સમસ્યાઓથી બચી શકાય છે તેમાં શિખામણોછુપાયેલી હોવાથી તેના દ્વારા આપણું જીવન સુખમય અને આનંદી બને છે આથી આપણા જીવનમાં કહેવતો નું સ્થાન ઘણું ઊંચું અને મહત્વનું છે.